### નશાખોર જીપચાલકે રોંગ સાઈડમાં જીપ દોડાવી આંતક મચાવતા

# ડીસાની બનાસ નદી પુલ પાસે જીપચાલકની અડફેટે એકનું મોત એક ગંભીર

ડીસા, તા. ૧૮

ડીસાની બનાસ નદી પુલ પાસે એક સ્કોર્પિયો ચાલકે ગફલતભર્યા ડ્રાઈવિંગે બે મોટરસાયકલ સવારને


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

રોંગ સાઈડમાં આવી ટક્કર મારતા બન્ને હવામાં ફંગોળાયા હતા જેમાં એક નસીબ જોગે પુલમાં જ ટંગોળાયો હતો. જ્યારે અન્ય ૩૦ ફૂટ નીચે નદી પટમાં પટકાયો હતો. જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત થયું હતું. જ્યારે અન્ય એક ઘાયલ થયો હતો જે બાદ ચાલકને લોકોએ ઝડપી મેથીપાક ચખાડી પોલીસ હવાલે કર્યો હતો.

બનાસકાંઠાના ડીસામાં આજરોજ બપોરના સમયે એક સ્કોર્પિયો ચાલકે ગફલતભર્યા ડ્રાઈવિંગે બે મોટર સાયકલ સવારને રોંગ સાઈડમાં આવી ટક્કર મારી હતી, જેમાં એક પુલ સાઈડમાં જ્યારે અન્ય હોમગાર્ડ યુનિટ ડીસામાં કામ કરતા ગેનસિંહ બીજોલજી ઠાકોર ઉંમર વર્ષ-૪૭ રહે. આખોલ, તાલુકો ડીસા વાળાએ પુલથી નીચે બનાસ નદી પટમાં ૩૦ ફૂટ નીચે પટકાતા તે ગંભીર રીતે ઘાયલ થયા હતા. આમ રોંગ સાઈડમાં આવેલા સ્કોર્પિયો ચાલકના આંતકે બે મોટર સાયકલ સવાર ગંભીર રીતે ઘવાતા લોકોનો રોષ આ સ્કોર્પિયો ચાલક પર ઉતર્યો હતો, જો કે અકસ્માતમાં સ્કોર્પિયો જીપની એક એક્શલ તૂટતા તે જીપ સાથે જ ગુના સ્થળેથી લોકોના હાથે ઝડપાયો હતો અને લોકોએ તેને બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. જો કે તે બાદ ઘટનાસ્થળે પહોંચેલી ડીસા તાલુકા પોલીસે આ ઈસમને પોતાના કબજામાં લઈ વધુ મારમાંથી બચાવ્યો હતો. જો કે આ અકસ્માત થતા લોકોનાં ટોળે-ટોળાં ભેગા થતા ડીસાના એક માત્ર પ્રવેશ દ્વાર ગણાતા બનાસ નદીના પુલ પર એકાદ કલાક ચક્કાજામ દૃશ્યો સર્જાયા હતા.

આ મામલે પોલીસે અકસ્માત બાદ રંગે હાથ ઝડપાયેલા ચાલક ખેરાતભાઈ જાટ રહે, રામપુરા-તાલુકો-ડીસા વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરેલ છે, જ્યારે નદી પટમાં પુલ પરથી પટકાયેલા હોમગાર્ડ જવાનને પ્રથમ ડીસાની સરકારી હોસ્પિટલ અને તે બાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો, જો કે ત્યાં તેની તબિયત નાજુક બનતા તેને વધુ સારવાર અર્થે અન્યત્ર ખસેડાયેલ હતો. જેમાં ૩૦ ફૂટ નીચે પટકાયેલા કમભાગી હોમગાર્ડ યુનિટ ડીસામાં કામ કરતા ગેનસિંહ બીજોલજી ઠાકોર આંતરિક ઈજાઓએ કરૂણતાએ મોતને ભેટેલ છે. આ મામલે ડીસા તાલુકા પોલીસે મૃતકના પુત્ર શિવાજી ગેનસિંહ ઠાકોરની ફરિયાદ આધારે સ્કોર્પિયો ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી જેલ હવાલે કરેલ છે.



બનાસકાંઠા જિલ્લાના નવનિયુકત જિલ્લા કલેકટરશ્રી એમ.એસ. પટેલનું અભિવાદન બનાસકાંઠા જિલ્લાના સ્વામી વિવેકાનંદ યુવા શકિત કેન્દ્ર દ્વારા આજ રોજ કલેકટરશ્રીની કચેરી ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવેકાનંદ યુવા/મહિલા મંડળોના જિલ્લા માર્ગદર્શક અગ્રણી શ્રી ગણપતભાઈ જોષી, યુવા કેન્દ્રના જિલ્લા પ્રમુખશ્રી રમેશભાઈ પટેલ, મંત્રીશ્રી ગૌરાંગ પાધ્યા, મહિલા કેન્દ્રના જિલ્લા મંત્રી કુ. મિતાબેન સોની, પાલનપુર શહેર વિવેકાનંદ મંડળના પ્રમુખશ્રી વિપુલભાઈ રાવલ સહીત પાલનપુર વિવેકાનંદ મંડળોના વોર્ડ ઈન્ચાર્જો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

(હરેશ જોષી, પાલનપુર)

# પાલનપુર પાલિકામાં ભાજપના સભ્યોમાં આંતરિક વિવાદથી ગરમાવો

પાલનપુર, તા. ૧૮

પાલનપુર નગરપાલિકામાં સત્તાધીશ ભારતીય જનતા પ ાના જ કેટલાક સભ્યો દ્વારા વહિવટી કામોના મુદ્દે વિવાદો ઉભા કરવામાં આવતાં શહેરભરમાં ગરમાવો -સરી જવા પામ્યો છે. જયાં ભાજપની શિસ્તના લીરેલીરા ઉડી રા છે. ત્યારે અત્યાર સુધીમાં ચૂપકીદી સેવી રહેલા મોવડી મંડળ દ્વારા શિસ્તભંગ સહિતના આકરા પગલા ભરવામાં આવશે કે કેમ ? તેવો ઁ પણ શહેરભરમાં ચર્ચાઈ રો છે. પાલનપુર નગરપાલિકા ભૂતકાળમાં આચરાયેલા નાણાંકીય ગોટાળા, ખોટી રીતે પસાર થયેલા ઠરાવોને કારણે સતત ચર્ચાનું કેન્દ્ર બની છે. જેમાં વર્તમાન સમયે ભાજપની બોડીના જ કેટલાક સભ્યો નગરપાલિકાના કામોને લઈ વિવાદ ઉભો કરતાં સમગ્ર શહેરમાં ગરમાવો -સરી ગયો છે. આ અંગે રાજકીય વિશ્લેષકો જણાવી રા છે કે, લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રા છે. જયાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડા-ધાન બનાવવા માટે અદના કાર્યકરોને કામે લાગી જવા માટે આહવાન કરી દેવાયું છે. ત્યાં બીજી તરફ પાલનપુર નગરપાલિકામાં ચૂંટાઈને આવેલા નવા નિશાળીયા તેમજ વ્યવહારુ અજ્ઞાનતા ધરાવતા કેટલાક સભ્યો સ્થાપિત હિતોના રવાડે ચઢીને ભાજપની ઈમેજને બટ્ટો લગાવી રા છે નગરપાલિકાની નવરચિત સમિતિઓ પૈકી કારોબારી અને પાણી પુરવઠા સમિતિની -થમ બેઠક બે દિવસ અગાઉ યોજાઈ હતી. જેમાં નવા નીશાળીયા એક સભ્યએ ચેરમેનને અપાતી રૂ. ૫૦૦૦ ના ખર્ચની સત્તા સામે આ ખર્ચ નગરપાલિકાના હિતમાં છે કે કેમ ? તે જાણ્યા બાદ જ સહી કરવાનું સૂચન લખાવ્યું હતું. જેની જવાબદારી સ્વીકારવાનો ચેરમેને ઈન્કાર કરતાં તેમની પાંખો જ કપાઈ ગઈ છે. અને નગરપાલિકાનો નાણાંકીય વહિવટ ગુંચવાય તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. જેની અસર આગામી લોકસભાની ચૂંટણી ઉપર થાય તે પહેલા મોવડીમંડળ દ્વારા ડેમેજ કંટ્રોલના ભાગરૂપે આવા સભ્યો સામે શિસ્તના પગલા ભરાશે કે કેમ ?

# બનાસ ડેરી દ્વારા ખીમાણા ખાતે દૂધ દિનની ઉજવણી કરાઈ


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૧૮

બનાસ ડેરી અને ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા ખીમાણા શીત કેન્દ્ર ખાતે કાંકરેજ, દિયોદર, ભાભર, રાધનપુર અને સાંતલુપર તાલુકામાં દૂધદિનની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી બનાસ ડેરીના ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં દૂધની માંગમાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે. દિલ્હી જેવા મોટા શહેરોમાં પણ આપણે દૂધ પહોંચાડીએ છીએ જેથી દિલ્હીની નજીક એન.સી.આર. (ફરીદાબાદ) ખાતે ગઈ કાલે જ ૧૦ લાખ લીટર દૂધની ક્ષમતાવાળા પ્લાન્ટનું ખાતમુર્હત કરેલ છે અને આવતી ૨૫મી તારીખે કાનપુર અને લખનઉ ખાતે ૫-૫ લાખ લીટર દૂધની ક્ષમતાવાળા પ્લાન્ટનું ખાતમુહર્ત કરવામાં આવશે વધુમાં ચેરમેનશ્રી જણાવેલ કે પશુપાલકોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે આવતી પહેલી તારીખે રૂ. ૧૦ વધારો કરી ૫૨૦ રૂ. પ્રતિકિલો ફેટે ચુકવવામાં આવશે જેથી દૂધના પોષણક્ષમ ભાવો મળવાથી પશુઓની કિંમતમાં પણ વધારો થયો છે અને હજુ પણ વધશે તેથી પશુપાલકો તેમજ ખેડૂતો પોતાની જમીનકે પશુઓનું વેચાણ ના કરે તેવું ખાસ સુચન કર્યું હતું. વધુમાં જણાવેલ કે ના. સુપ્રીમ કોર્ટ પણ દૂધમાં ભેળસેળ કરનારાઓ પર કડક વલણ દાખવેલ છે જેથી આપણે પણ આપણી તમામ મંડળીઓમાં દૂધમાં ભેળસેળની ચકાસણીનું મશીન વસાવવું જરુરી છે.

બનાસ ડેરીના બોર્ડ ડીરેકટર શ્રી અણદાભાઈએ સંઘના પારદર્શક વહીવટની ભારોભાર પ્રશંસા કરી હતી અને સંઘના ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળની દૂધ ઉત્પાદકો માટેની મહેનતની બરદાવી હતી, આ પ્રસંગે સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી સંજય કરમચંદાની એ દૂધની ગુણવત્તા અને સંઘની સેવાકીય પ્રવૃત્તિઓ વિશે જણાવ્યું હતું.

આ પ્રસંગે બનાસડેરીના ડીરેકટર અજાભાઈ પટેલ, દિયોદર માર્કેટયાર્ડના ચેરમેનશ્રી શિવાભાઈ ભૂરિયા, પંચાયત બાંધકામ સમિતિના ચેરમેનશ્રી હરગોવનભાઈ શીરવાડીયા તેમજ વિશાળ સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં કિસાન સંઘનો કોલ્ડ સ્ટોરેજ માલિકો સામે મોરચો

## કોલ્ડ સ્ટોરેજ માલિકોએ સ્ટોરેજ ભાડુ વધારતા નાયબ કલેક્ટરને અપાયુ આવેદનપત્ર

ડીસા, તા. ૧૮

ડીસામાં આ વર્ષે પણ ગત વર્ષની જેમ બટાટાના મબલખ પાકનું ઉત્પાદન થતા ખેડૂતોમાં મહેનતના ફળની ખુશી છવાઈ હતી. જો કે ખેડૂતોના બટાટા સ્ટોરેજ કરતા કોલ્ડ સ્ટોરેજ માલિકોએ આકસ્મિક રીતે સ્ટોરેજ ભાડુ વધારતા ખેડૂતોમાં રોષ ફાટી નીકળ્યો હતો. જેમાં આ મામલે ભારતીય કિસાન સંઘ દ્વારા ડીસાના નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

આ ઘટનાની વિગતો જોઈએ તો કિસાનસંઘ દ્વારા આજે બટાટા કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહીત કરવા કરાયેલા ભાવ વધારાનો ખુલ્લેઆમ વિરોધ કરાયો હતો. ડીસાના અંદાજીત ૧૦૦ જેટલા કોલ્ડ સ્ટોરેજ ધારકોએ બટાટા ઉત્પાદન બાદના સમયમાં સમયાંતરે ભાવ વધારો ઝીંકેલ છે. અગાઉના વર્ષોમાં ૧ કિલો બટાટાનું ભાડુ ૧.૧૦ રૂપિયા હતુ. તે બાદ ચાલુ વર્ષએ રૂ. ૧.૫૦ રૂપિયા કરાયેલ છે. જેનાથી ડીસા પંથકના ખેડૂતોમાં વધતા જતા આ ભાડાનો ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. અને આથી નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

# શિક્ષણના વેપારીકરણ સામે પાટણમાં યુથ કોંગ્રેસ દ્વારા દેખાવો



પાટણ, તા.૧૮

ગુજરાત રાજયમાં થઈ રહેલા વ્યાપક ભ્રષ્ટાચાર, શિક્ષણું વેપારીકરણ, યુવાનોનું ફીકસ પગારમાં થતું શોષણ, વધતી જતી બેરોજગારી અને ભાજપના કાર્યકરો દ્વારા સમગ્ર રાજયભરમાં ખુલ્લેઆમ શિક્ષણની હાટડીઓને મળેલો છુટો દોર સહિતના વિવિધ મુદ્દે આજે પાટણ વિધાનસભા યુથ કોંગ્રેસ દ્વારા હિંગળાચાચર ચોક ખાતે સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરી દેખાવો કર્યા હતા. જેમાં છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાતના ૫ લાખ યુવાનોનું ફીકસ પગારના મુદ્દે શોષણ થઈ રહ્યુંછે તેમજ ૧૯૯૮ પછી એક પણ બેરોજગાર યુવાનોને કાયમી ધોરણે સરકાર દ્વારા નોકરી આપવામાં આવી નથી તો રાજયભરમાં અત્યાર સુધીમાં ભ્રષ્ટાચારે વિવિધ ક્ષેત્રે રેકોર્ડ તોડયા છે. અને ઠેર ઠેર શિક્ષણનું વ્યાપારીકરણ કરી ખાનગી શાળાઓ અને કોલેજોને મંજુરી આપવામાં આવી રહી છે ત્યારે આ સરકાર આવી તમામ બાબતોને લઈને નિષ્ફળ નીવડી હોઈ રાજયના મંત્રી ગુજરાત બહાર જઈને રાજયના વિકાસની મોટી મોટી સુફીયાણી વાતો કરી રહ્યા છે તેવી તમામ બાબતોનો આજે સખ્ત વિરોધ દર્શાવી યુથ કોંગ્રેસ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતાં.

ત્યારે આ મામલે યુથ કોંગ્રેસે પરવાનગી ન લીધી હોવાથી પાંચ વ્યકિતથી વધુ વ્યકિતઓના ટોળે ટોળાં થતાં પોલીસ તંત્ર દ્વારા દેખાવો કરી રહેલા તમામ કાર્યકરોને ટીંગાટોળી કરી તેમની અટકાયત કરી હતી તો બીજી તરફ હિંગળાચાચર ચોક ખાતે ઉભેલ પોલીસવાનની પાછળ યુથ કોંગ્રેસના કાર્યકરોએ મોદીના પુતળાને સળગાવી રોડ પર ફેંકતા ભારે હંગામો મચી ગયો હતો અને પોલીસ કર્મીઓ દ્વારા કાર્યકરો સામે સખ્તાઈ વાપરી આશરે ૨૦ થી ૨૫ કાર્યકરોને પોલીસવાનમાં નાંખી તાલુકા પોલીસ મથકે લઈ જવાયા હતા.

# મજરા ચોકડી પર લોકલ એક્સપ્રેસ બસો ઉભી રહેશે

પ્રાંતિજ, તા. ૧૮

મજરા ચોકડી પર લોકલ એક્સપ્રેસ બસો ઉભી રાખવામાં આવતી ન હતી અને પંથકની તમામ જનતા એસ.ટી.ની મુસાફરીથી વંચિત રહી જતા વિવિધ સરપંચો અને આગેવાનો દ્વારા એસ.ટી. તંત્રને રજુઆત કરવામાં આવી હતી. છતાં પણ તંત્ર દ્વારા કોઈ પગલા ન ભરાતા આખરે પ્રાંતિજ તલોદના ધારાસભ્યે રજૂઆત કરતા એસ.ટી. તંત્રએ મજરા ત્રણ રસ્તા પાસે સ્ટોપેજ કરવા પત્ર જાહેર કર્યો હતો. આથી પ્રજાએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર નેશનલ હાઈ-વે પર મજરા ત્રણ રસ્તા પર પેસેન્જર પુરતા મળતા હોવા છતાં પણ લોકલ અને એક્સપ્રેસ બસો ઉભી રાખવામાં આવતી નથી. પરિણામે પંથકની તમામ જનતા એસ.ટી.ની મુસાફરીથી વંચિત રહી જાય છે. જેને લઈ આસપાસના સરપંચો અને આગેવાનોએ અનેક લેખિત અને મૌખિક આ અંગે રજૂઆતો કરી હતી પરંતુ તંત્રના અધિકારીઓ આ સંપૂર્ણ મામલે કોઈપણ કાર્યવાહી કરવાને બદલે આંખ આડા કાન કરી રહ્યા હતા. આખરે સ્થાનિકોએ તલોદ-પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને જાણ કરતા તેઓ આ સંદર્ભે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી હતી. આથી એસ.ટી. તંત્રએ પત્ર જાહેર કરી સ્ટોપેજ થશે તેવી જાણ કરી હતી. આથી અમદાવાદ ખેડબ્રહ્મા, અંબાજી, ચિલોડા, પ્રાંતિજ, હિંમતનગર, ઈડરની બસો માટે મજરા સ્ટોપેજ થશે જેનો લાભ અસંખ્ય મુસાફરોને થશે.


(તસવીર : ચેતન રામી, પાટણ)

પાટણ શહેરમાં ગત વિધાનસભાની ચૂંટણી પહેલા જ શહેરના જુદા જુદા વિસ્તારોમાં અન્ડરગ્રાઉન્ડ ગટરમાં કામ અર્થે મોટા ભાગના રસ્તાઓ તોડી પાડવામાં આવેલા ત્યારબાદ કામચલાઉ રીતે આ રસ્તાઓ ફરીથી નવીન ન બનાવતા પાટણના સ્થાનિક રહીશો અને વાહનચાલકોને રસ્તાના પ્રશ્ને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આવી જ કંઈક સ્થિતિ છે શહેરના જયવીર નગરથી ભૈરવ મંદિર સુધીના માર્ગ પર. અવારનવાર પસાર થતા અને શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ખાડાખાબડના કારણે નીચે પટકાવાના પ્રશ્નો પણ બની રહ્યા છે ત્યારે આજે આ પ્રશ્નને લઈ આમ આદમી પાર્ટીએ પાટણ કલેકટરને એક આવેદનપત્ર આપી સત્વરે માર્ગ રીપેરીંગની માંગ કરી હતી.

# બુરાલ ગામે ગૌચરના દબાણ હટાવવા પંચાયતની ઢીલી નિતી

ડીસા, તા.૧૮

ડીસા તાલુકાના બુરાલ ગામે ગૌચરમાં થયેલ દબાણો હટાવવા ગામના નાગરિક દ્વારા તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરાઈ હતી. જો કે આ બાબતે ટી.ડી.ઓ દ્વારા સરપંચ તલાટીને દબાણ દૂર કરવા માટે નોટીસ પાઠવ્યાને એક મહિનો થવા આવ્યો હોવા છતાં પંચાયતના સત્તાધીશોએ હજી સુધી દબાણ હટાવવા માટે કોઈ કાર્યવાહી કરી નથી.

ડીસા તાલુકાના બુરાલ ઠાકોર વાસ ગામે આવેલી ગૌચરની સર્વે નં. ૪૦૬, ૩૬, ૩૪, ૪, ૫માં દબાણો કરી દેવાતા ગામના પ્રહલાદજી મેવસિંહ સોલંકી દ્વારા ટીડીઓને રજૂઆત કરી હતી. ટી.ડી.ઓએ ગત ૨૩ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ તલાટી અને સરપંચને નોટીસ પાઠવી દબાણ દૂર કરવા આદેશ કર્યા હતા અને તેનો અહેવાલ દિન-૭માં મોકલી આપવા જણાવ્યું હતું. પરંતુ નોટીસ આપ્યાને એક મહીના જેટલો સમય થવા આવ્યો હવા છતાં પંચાયત દ્વારા દબાણો દૂર કરવા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી ત્યારે અરજદાર દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ઉંચીધનાલમાં નળ કનેકશન બાબતે મારામારીમાં એક ઘાયલ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામે મંગળવારના રોજ પાણીના કનેકશન બાબતે બે ઈસમો બાખડી


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

પડતા એકને ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યા.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી માહિતી મુજબ ઉંચીધનાલ ગામમાં મંગળવારના રોજ ભાવેશભાઈ મહેન્દ્રભાઈ ઉપાધ્યાયના ઘર આગળ પાણીની પાઈપ લાઈન માટે આરોપી ખોદકામ કરતા હતા તેથી મહેન્દ્રભાઈએ પંચાયતની મંજુરી વગર કેમ પાઈપ લાઈન ખોદો છો તેવું કહેતા અરવિંદભાઈ પુંજાભાઈ ભાટીયા ઉશ્કેરાઈ જઈ લાતો મારી, બિભત્સ ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી હથિયારથી હુમલો કરતા તેમને ઈજાઓ પહોંચાડી હતી જેથી મહેન્દ્રભાઈને સારવાર માટે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા જે ઈજાઓ ગંભીર જણાતા ડોકટર દ્વારા તેમનો હિંમતનગર ખાતે રીફર કર્યા હતા. આ અંગે ભાવેશભાઈ ઉપાધ્યાયે અરવિંદભાઈ ભાટીયા વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન